ગાંધીનગર સમાચાર

રાજ્યમાં ઠંડીનો ચમકારો
શહેરમાં ૧૨ ડિગ્રી તાપમાન

# ખાણીપીણી બજારમાં ગેરકાયદેસર શેડ હટાવાયા

**વેપારીઓએ દુકાનથી ચારગણી જગ્યા રોકી દબાણ ઉભુ કર્યુ હતુ :શેડ પર ગંદકીનુ ઉદભવ સ્થાન બનેલા કાટમાળને પણ જપ્ત કરાયો દબાણ અધિકારી મહેશ મોડની ટીમે દબાણોનો સફાયો કર્યો**





ગાંધીનગર તા ૨૧

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ખાણીપીણી બજારમાં ઉભા કરાયેલા દબાણોનો સફાયો કરવામાં આવ્યો છે. આજે મહાનગરપાલિકાની દબાણશાખા દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. ફુડકોર્ટના વેપારીઓ દ્વારા તાંણી બંધાયેલા ૩૬ જેટલા શેડ દુર કરાયા હતા. ફુડકોર્ટમાં વેપારીઓએ પોતાની દુકાન કરતા ચારગણી જગ્યામાં શેડ ઉભા કરી દબાણ કરતા ટ્રાફિક સહીત અનેક વિધ સમસ્યાઓ ઉદભવી હતી. આખરે આજે દબાણ શાખા દ્વારા દબાણોનો કડુસલો કરી દેવાયો છે.

શહેરના ઘ- ૫ વિસ્તારમાં સ્થિત ખાણી પીણી બજારમાં છેલ્લા કેટલાક સમયથી દબાણોની સમસ્યાએ અજગર ભરડો લીધો હતો. લાખોના ખર્ચે તૈયાર કરાયેલી ફુડકોર્ટમાં દિનપ્રતિદિન દબાણો વધતા મુલાકાતીઓ અને રાહદારીઓ માટે પણ અડચણરૂપ સ્થિતિ સર્જાઇ હતી. ફુડકોર્ટના વિસ્તારમાં પાર્કીંગની જગ્યામાં પણ દબાણોનો ખડકલો કરી દેવાયો હતો. ફુડકોર્ટના વેપારીઓએ દુકાન પાસે તોતિંગ શેડ ઉભા કરી મોટી જગ્યામાં

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતોની ચૂંટણી માટે ૨૨૨ મતદાન મથકો સંવેદનશીલ-અતિ સંવેદનશીલ

**સૌથી વધુ ગાંધીનગરમાં અને સૌથી ઓછા માણસામાં**

ગાંધીનગર, તા. ૨૧

આગામી ૨૭મી ડિસેમ્બરના રોજ જિલ્લામાં યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૧૦૫ અતિ સંવેદનશીલ મતદાન મથકો અને ૧૧૭ સંવેદનશીલ મતદાન મથકો તંત્ર દ્વારા તારવવામાં આવ્યા છે.

તંત્ર દ્વારા ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ સ્પષ્ટ થયેલા ચૂંટણી ચિત્રને ધ્યાને લઈ અને સ્થાનિક સ્તરે જ્યાં તીવ્ર સ્પર્ધા જણાઈ છે તે બધા જ પાસાંઓને ધ્યાને લેતાં આ સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકોની તારવણી કરી છે.

જિલ્લામાં સૌથી વધુ સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો ગાંધીનગર તાલુકામાં જણાયા છે. ગાંધીનગર તાલુકામાં ૭૯ સંવેદનશીલ અને ૮૯ અતિ સંવેદનશીલ મતદાન મથકો જણાયા છે. સૌથી ઓછા સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો માણસામાં જણાયા છે. જ્યાં ૪ સંવેદનશીલ અને ૧ અતિ સંવેદનશીલ મતદાન મથક જણાયેલ છે.

મળતી વિતો પ્રમાણે સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો પર અત્યંત ચાંપતો પોલીસ બંદોબસ્ત લગાવવામાં આવશે. એવું પણ જાણવા મળેલ છે કે જરૂર પડ્યે આ વિસ્તારોમાંથી સામાજિક તત્વોને પણ રાઉન્ડબાય કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

દરમ્યાન જિલ્લાતંત્ર દ્વારા હથિયારો જમા કરાવવા માટેનું જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે અને તે માટેની કાર્યવાહી હાલ જિલ્લાના ચારેય તાલુકાઓમાં ચાલુ છે.

બીજી તરફ આગામી સપ્તાહના આરંભે જિલ્લા પોલીસ વડા અને જિલ્લા કલેક્ટર વ ચૂંટણી અધિકારી વચ્ચે સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોના બંદોબસ્ત તેમજ અન્ય બાબતોને લઈ સમીક્ષા બેઠક પણ યોજાય તેવી શક્યતાના સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં ૧૭૫ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાવાની હોઈ તંત્ર દ્વારા તેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# મહાત્મા મંદિરમાં નર્મદાના પાણી માટે નવી લાઇન નાંખવાનુ કામ આરંભાયુ

**સે-૧૩ માંથી પાણીની લાઇન નાંખવા માટે રૂ ૧૧ લાખનો ખર્ચ થશે : હાલ બોરનુ પાણી સપ્લાય થાય છે : પીવા માટે નર્મદાનુ પાણી ઉપલબ્ધ કરવા ત્વરિત કામ હાથ ધરાયુ**

ગાંધીનગર તા ૨૧

આગામી વાઇબ્રન્ટ સમિટને ધ્યાને લઇ શહેરમાં યુધ્ધના ધોરણે



તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જ્યારે બ્યુટિફિકેશન ઉપરાંત દેશ વિદેશ થી આવનારા મહાનુભાવોને યોગ્ય સુવિધા પુરી પાડવા માટે જરૂરી કામો પણ ત્વરિત હાથ ધરાયા છે. હાલ મહાત્મા મંદિર જ્યાં વાઇબ્રન્ટ સમિટના કાર્યક્રમો યોજાવાના છે. તે ઠેકાણે નર્મદાનુ પીવાનુ પાણી મળી રહે તે માટે તાત્કાલિક ધોરણે નવી લાઇન નાંખવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. સે-૧૩ માંથી નર્મદાની પાણીની લાઇન આપવા માટે તંત્રની ટીમ કામે લાગી છે.

નગરની આગવી ઓળખ સમા મહાત્મા મંદિરમાં આગામી જાન્યુઆરી મહીનામાં વાઇબ્રન્ટ સમિટ ૨૦૧૭ યોજવામાં આવશે. જયારે વાઇબ્રન્ટ વેળાએ દેશ દુનિયામાંથી વી વી આઇ પી મહાનુભાવો નગરના મહેમાન બનતા હોવાથી હાલ તંત્ર પણ લાંબા સમયથી વાઇબ્રન્ટ મહોત્સવની તૈયારીમાં ઉંધા માથે છે. મહાત્મા મંદિરમાં પણ વાઇબ્રન્ટને અનુલક્ષી બ્યુટીફિકેશન , સફાઇ તેમજ રંગરોગના સહીતની જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી છે. મહાત્મા મંદિરમાં હાલ બોરનુ પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે પીવા માટે નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે ત્વરિત પાઇપલાઇન નાંખવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. બોરના પાણીમાં ટર્બિલીટી વધુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જયારે મહાનુભાવોને નર્મદાનુ પાણી મળી રહે તે માટે તાત્કાલિક લાઇન નાંખવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. હાલ સે-૧૩ માંથી નર્મદાની લાઇન નાંખવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. ૬૦૦ મીટરની લાઇન નાંખવા માટે તંત્રની ટીમ કામે લાગી છે. આગામી વાઇબ્રન્ટ સમિટ પુર્વે લાઇનનુ કામ પુર્ણ કરી દેવાશે.

# રાજ્યમાં ઠંડીનો ચમકારો શહેરમાં ૧૨ ડિગ્રી તાપમાન

**સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્ર ઠંડીના લીધે જનજીવન ઉપર અસર થઇ : તાપમાનમાં હજુ ઘટાડો થવાના સ્પષ્ટ સંકેત**

અમદાવાદ, તા. ૨૧

રાજ્યમાં ગાંધીનગર - અમદાવાદ સહિત લઘુતમ તાપમાન ધીમે ધીમે ઘટતું જાય છે. મંગળવારે રાત્રે અને બુધવારે સવારે ગુલાબી ઠંડી અનુભવાતી હતી. જો કે તાપમાનનો પારો ૧૨ ડિગ્રી પર સ્થિર રહ્યો હતો. આગામી દિવસોમાં પારો ગગડશે એવા અનુમાનો વર્તાઈ રહ્યા છે.

નલિયામાં તીવ્ર ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. અહીં લઘુત્તમ તાપમાન ગઈકાલની સરખામણીમાં જોરદારરીતે ઘટીને ૨.૬ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો છે જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. અહીં લઘુત્તમ તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. જો કે, અમરેલીમાં પારો ગગડીને ૧૦.૫ સુધી નીચે પહોંચી ગયો છે. અમરેલીમાં મંગળવારની સરખામણીમાં તાપમાનમાં પાંચ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાઈ ચુક્યો છે. એકાએક તાપમાન્માં તીવ્ર ઘટાડાથી લોકો પણ ચોંકી ઉઠ્યા છે. પાટનગર ગાંધીનગરમાં ૧૨ અને વડોદરામાં ૧૧.૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. ૧૩થી પણ નીચે તાપમાન ઘણા વિસ્તારોમાં પહોંચી ગયું છે જેમાં વલસાડ, વડોદરા, ગાંધીનગર, અમરેલીનો સમાવેશ થાય છે. જાણકાર લોકો માને છે કે, તાપમાનમાં સતત ફેરફારના લીધે લોકોની હાલત કફોડી બનેલી છે. અમદાવાદ શહેરની સાથે સાથે રાજ્યના જુદા જુદા ભાગોમાં હાલમાં ફરી એકવાર બેવડી સિઝનનો અનુભવ થઈ રહ્યો છે. સાંજે ઠંડા પવન પણ ફૂંકાયા હતા. ઠંડીના કારણે લોકો હવે સાવધાન થઈ ગયા છે.

# એક્ઝીબીશન સેન્ટરના તેર ડોમમાં ફોગીંગ કરવામાં આવ્યું

**ધુમાડાની અસરો સે. ૧૭ અને જિલ્લા પંચાયત ખાતે પણ વર્તાઈ ૧૨૦ જેટલા મજૂરોનું મેલેરિયા સ્ક્રીનીંગ પણ કરવામાં આવ્યું**



ગાંધીનગર, તા. ૨૧

આગામી જાન્યુઆરી માસમાં ૯ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન ગ્લોબલ ટ્રેક શૉ ને પગલે આજે શહેરી મેલેરીયા તંત્રની ટીમે એક્ઝીબીશન સેન્ટર ખાતે સ્થળ તપાસણી કરી અને ફોગીંગ કર્યું હતું.

ગત વર્ષે આ સ્થળેથી મોટી સંખ્યામાં ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. આજે તંત્રની ચાર જેટલી ટીમોએ એક્ઝીબીશન સેન્ટરના ૧૩ જેટલા ડૉમ તેમજ ફૂવારા અને પબ્લીક ટોયલેટ તેમજ તેની ઉપર આવેલ પાણીની ટાંકીઓની ચકાસણી કરી હતી.

જો કે તંત્રની ટીમને કોઈપણ જગ્યાએથી મચ્છરોના બ્રિડીંગ કે લારવા મળ્યા ન હતા. તંત્રની ટીમોએ ત્યાં ભરેલા પાણીના કેટલાક પીપોની પણ ચકાસણી કરી હતી. તંત્રની ટીમોએ ચકાસણીને અંતે ફોગિંગની એન્ટી લારવેલની એક્ટીવીટીના ભાગરૂપે આગોતરી કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર
























Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com